<u>ફોજદારી કેસ નં.–20266/2018.</u>

<u>આંક–૧ લગત હુકમ</u>

આજરોજ એ.પી.પી શ્રી જણાવેલ છે કે મે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, સુરત ના ઓના પત્ર ક્રમાંક નં. એમએજી/ડોરમેટકેસ/વશી/ ૯૩૧–૫૧/૨૦૨૨, તારીખ ૦૯/૦૩/૨૦૨૨ ના રોજ સદર કેસ પરત ખેંચવા સારૂ હુકમ કરવામાં આવેલ છે.

આ કામના આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતા ન હોય, તેમજ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૩૨૧ ધ્યાને લેતા, તથા મે. જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, સુરત ના ઓના ઉપરોક્ત પત્ર અન્વયે, આજરોજ એ.પી.પી. શ્રી સદરહુ કેસ પરત ખેંચવા રજુઆત કરતા, કોર્ટે દ્વારા સદર કેસ પરત ખેચવા પરવાનગી આપી અને કેસને ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ બાબતે કોર્ટ દ્વારા અગાઉ કરવામાં આવેલ વચગાળાના હુકમને કાયમી કરવો, અગરતો હુકમ ન થયેલ હોય તો કિમતી મુદમાલ તેની માલીકી બાબતની ખરાઇ કરી પોલીસ સ્ટે.થી પરત કરવો તેમજ મુદામાલ પાવતીમાં જણાવેલ અન્ય કોઇ મુદામાલનો અપીલ સમય ગાળા બાદ નિયમોનુસાર નાશ કરવાનો તથા રોકડ રકમ નિયમ મુજબ સરકારી ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીને ગુણદોષમાં ઉતર્યા વગર છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨, માહે– માર્ચ, સને– ૨૦૨૨ ની રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળઃ–સુરત
તારીખઃ–૧૨/૦૩/૨૦૨૨.

(શ્રીમતી ડી.આર.ઠાકુર)
૪થા અધિક જ્યુ.મે.ફ.ક., સુરત
જજ કોડ નં. જીજે–૦૧૨૪૧